# ફ્રાન્સ બે અબજ યુરોનુ રોકાણ કરશે

## ભારત હવાઈ દળની જરૂરીયાતને પહોંચી વળવા સીધી રીતે તૈયાર ૩૬ રાફેલ ફાઈટર વિમાનો ખરીદશે : ૧૭ કરાર પર હસ્તાક્ષર



પેરિસ,તા. ૧૧

ભારત અને ફ્રાન્સે મહારાષ્ટ્રમાં જૈતાપુર ખાતે અટવાઈ પડેલા પરમાણુ પ્રોજેક્ટ સહિત કુલ ૧૭ સમજુતી પર હસ્તાક્ષર કર્યા હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અગાઉ ફ્રાન્સના પ્રમુખ ફ્રાન્કોઈસ હોલાન્ડે સાથે શિખર બેઠક યોજી હતી. જેમાં દ્વિપક્ષીય સંબંધો અને વેપાર સંબંધોને નવી ઉંચાઈ પર લઈ જવા બન્ને નેતાઓ સહમત થયા હતા. જુદા જુદા ક્ષેત્રોમાં એમઓયુ થયા હદતા. લાર્સન એન્ડ ટુબ્રો અને એઆરઈવીએ વચ્ચે જૈતાપુર પ્રોજેક્ટની નાણાંકીય સ્થિતીને સુધારવા અને તેને આગળ વધારવા માટે સમજુતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ફ્રાન્સ રાફેલ જેટ વિમાનોને ખરીદવા માટે અટવાઈ પડેલી વાતચીતને સફળ બનાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી હતી કે ભારત તૈયાર ૩૬ યુદ્ધ વિમાનો ખરીદશે. ભારતીય હવાઈ દળની ઓપરેસનલ જરૂરીયાતોને પૂર્ણ કરવા માટે આની ખરીદી કરવામાં આવી છે. ઈલીસી પેલેસમાં શિખર બેઠક યોજાયા બાદ હોલાન્ડે સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં મોદીએ આ મુજબની જાહેરાત કરી હતી. ફ્રાન્સ બે અબજ યુરોનુ રોકાણ કરવા માટે તૈયાર થયું છે. ભારત અને ફ્રાન્સ વચ્ચે છેલ્લા ત્રણ વર્ષથી વિમાનોની ખરીદીને લઈને મંત્રણા ચાલી રહી હતી. કેટલીક ગુંચવણ ઉભી થઈ હતી. મોદીએ કહ્યું હતું કે ભારતમાં ફાઈટર વિમાનોની ઓપરેશનલ જરૂરીયાતોને ધ્યાનમાં લઈને હોલાન્ડે સાથે તેઓએ સીધી વાત કરી હતી. જેના ભાગરૂપે ૩૬ વિમાનો તૈયાર સ્થિતીમાં ખરીદવાનો નિર્ણય કરાયો છે.

ભારત અને ફ્રાન્સ વચ્ચે કેટલીક અન્ય સમજુતી પણ થઈ હતી. બન્ને નેતાઓએ વાતચીત કર્યા બાદ સમજુતી પર હસ્તાક્ષરની પ્રક્રિયા શરૂ કરાઈ હતી. ઈસરો અને ફ્રાન્સની સંસ્થા વચ્ચે પણ એક સમજુતી થઈ હતી. રમતગમત, મેડિસીન અને સંસ્થાકીય સહકાર પર પણ સમજુતી કરવામાં આવી છે. મોદી ફ્રાન્સ પહોંચ્યા બાદ અગાઉ તેમનુ ઐતિહાસિકરીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું ફ્રાન્સની યાત્રા ખુબ સફળ રહી છે. ભારત અને ફ્રાંસ વચ્ચે જે ક્ષેત્રોમાં સમજૂતિ થઈ છે તેમાં એનર્જી, કલ્ચરલ, ટ્યુરિઝમ, કન્ઝર્વેશન, આયુર્વેદમાં સ્કીલ ડેવલપમેન્ટ, સાયન્સ એન્ડ ટેકનોલોજીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભારતીય રેલવે અને ફ્રેન્ચ નેશનલ રેલવે વચ્ચે એક રેલવે પ્રોટોકોલ ઉપર હસ્તાક્ષર કરાયા છે. જેના લીધે સેમી હાઈસ્પીડ રેલ અને સ્ટેશન રિનોવેશન માટે બંને રેલવે વચ્ચે સહકાર કરવામાં આવશે. રિનેવેબલ એનર્જીના ક્ષેત્રમાં પણ કરાર કરવામાં આવ્યા છે. ઉપરાંત સ્પેસ સહકાર હેઠળ એક સમજૂતિ કરાઈ છે. આ સમજૂતિ હેઠળ સેટેલાઈટ રિમોટ સેન્સિંગ, સેટેલાઈટ કોમ્યુનિકેશન અને સેટ મેટરોલોજીના ક્ષેત્રમાં કરાર કરવામાં આવ્યા છે. બંને દેશોએ સંબંધો મજબૂત કરવાની દિશામાં આગળ વધશે. ફ્રાન્સ ભારતમાં જંગી રોકાણ કરશે.

## ફ્રાંસ યાત્રાના બીજા દિવસે ફ્રાન્સ અંતરિક્ષ સંસ્થામાં ગયા વિદ્યાર્થીઓ, કારોબારી પ્રભાવિત

પેરિસ,તા. ૧૧

ભારત સરકારની મેક ઈન ઈન્ડિયા પહેલને એર બસ તરફથી પણ જોરદાર પ્રતિસાદ મળ્યો છે. ફ્રેન્ચ સ્પેસ સેન્ટર ખાતે વિદ્યાર્થીઓ સાથે સેલ્ફી પડાવતા પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી નજરે પડ્યા હતા. કારોબારીઓ સાથે પણ તેઓએ બેઠક યોજી હતી. ફ્રાન્સની યાત્રાના બીજા દિવસે મોદીની સાથે ફ્રાન્સના વિદેશમંત્રી લોરેન્ટ ફેબિયસ પણ ઉપસ્થિત રહ્યા હતા અને આ લોકો ટૌલોયુઝમાં એરબસ એ ૩૮૦ એસેમ્બલી લાઈન ખાતે પહોંચ્યા હતા. એરબસ ફેસિલિટી ખાતે પહોંચ્યા બાદ આ વિમાન બનાવતી કંપનીએ મેક ઈન ઈન્ડિયા પહેલને ટેકો આપ્યો હતો અને કહ્યું હતું કે, તે ભારતમાં વિમાન માટે તૈયાર છે. મોદીએ અહીં પહોંચીને વિગતોની ચકાસણી કરી હતી. અહીં વિમાન બનાવવામાં આવે છે. મોદીને કામ ગીરી અંગે અધિકારીઓએ માહિતી આપી હતી. ભારતીય નેતાનું સ્વાગત કરનાર એરબસ ગ્રુપના સીઈઓ એન્ડર્સ માહિતી આપતા કહ્યું હતું કે, ભારતીય વડાપ્રધાનનું સન્માન કરવાની અમને તક મળી છે. ભારત સાથે મજબૂત સંબંધો સ્થાપિત કરવાની તક મળી છે. અમારી આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ભારત



મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, અમે વડાપ્રધાનની મેક ઈન ઈન્ડિયા કોલને ટેકો આપીએ છીએ. એર બસ ઈન્ડસ્ટ્રીએ મોદીને ખાતરી આપી હતી કે, ભારતીય આઉટસોર્સિંગ આગામી પાંચ વર્ષના ગાળામાં ૪૦૦ મિલિયન ડોલરથી વધુ બે અબજ સુધી જશે. મેક ઈન ઈન્ડિયાના ભાગરુપે આ બાબત આગળ વધશે. વિદેશમંત્રાલયના પ્રવક્તાનું કહેવું છે કે, પાંચ વર્ષમાં આઉટસોર્સિંગ ૫૦૦ ટકા સુધી વધી શકે છે. મેક ઈન ઈન્ડિયાને એર બસ તરફથી જોરદાર સમર્થન મળ્યું છે. વડાપ્રધાને વિદ્યાર્થીઓ સાથે પણ વાત કરી હતી. એર બસની મુલાકાત લીધા બાત તેઓ ફ્રાન્સમાં સ્પેસ એજન્સી સીએનસીએસ પહોંચ્યા હતા જ્યાં ભારતના વિદ્યાર્થીઓ મોદીની આસપાસ ફરી વળ્યા હતા. તેઓએ તેમના માટે સેલ્ફી લીધા હતા. મોદીએ પણ ઉત્સાહપૂર્વક વિદ્યાર્થીઓ સાથે વાત કરી હતી. મોદી મોડેથી વોરમેમોરિયલ પર ગયા હતા જ્યાં તેઓએ વિશ્વ યુદ્ધ એક દરમિયાન માર્યા ગયેલા ૧૦૦૦૦ ભારતીયોને અંજલિ આપી હતી. મોડેથી તેઓ પેરિસ પરત ફર્યા હતા અને નિકોલસ સરકીની સાથે વાત કરી હતી.

## રામાલિંગા રાજુ કેદી નંબર ૪૧૪૮

હૈદરાબાદ,તા. ૧૧

દેશના સૌથી મોટા એકાઉન્ટિંગ કોંભાંડ તરીકે ગણાતા સત્યમ કોંભાડમાં દોષિત જાહેર થયેલા રામાલિંગા રાજુ અને તેમના ભાઈ રામા રાજુએ ચેરાપલ્લી સેન્ટ્રલ જેલ સત્તાવાળાઓને કરેલી વિનંતિથી અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. આ બન્નેએ કહ્યું હતું કે તેઓને એવી જગ્યા પર રાખવામાં આવે જ્યા કોઈ પણ પ્રકારની ટીવી ન રહે. જેલમાં તેઓ માત્ર કેસ પેપરમાં અભ્યાસ કરવાની ઈચ્છા ધરાવે છે. રાજુ બંધુઓ તેમની સાથે સંબંધિત ટીવી પર કોઈ ચર્ચા અને કોઈ સમાચાર ચાલે તેમ ઈચ્છતા નથી. જેથી જેલ સત્તાવાળાઓ માટે નવી સમસ્યા ઉભી થઈ ગઈ છે. કારણ કે બે બેરેકમાં રહેલા ટીવી સેટ રીપેરમાં ગયેલા છે. જેલમાં રામાલિંગા રાજુ ૪૧૪૮ અને રામારાજુ કેદી નંબર ૪૧૪૭ તરીકે છે. રાજુના અન્ય તમામ ભાગીદારોને જેલના ગોદાવરી બ્લોકમાં ખસેડી લેવામાં આવ્યા છે. આ લોકોએ મનાસા સરોવર બ્લોકમાં રાત્રી ગાળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે દેશ અને કોર્પોરેટ જગતને હચમચાવી મુકનાર સત્યમ કોમ્પ્યુટર સર્વિસ લીમિટેડમાં કરોડો રૂપિયાના એકાઉન્ટિંગ કૌભાંડમાં તપાસ કરનાર ખાસ અદાલતે નવમી એપ્રિલના દિવસે તેનો ચુકાદો જાહેર કર્યો હતો.જેમાં કોર્ટે કંપનીના સ્થાપક રામલિંગા રાજુ સહિત ૧૦ને અપરાધી જાહેર કર્યા હતા અને સત્યમના સ્થાપક બી રામાલિંગા રાજુને સાત વર્ષની જેલની સજા ફટકારી હતી. સાથે સાથે પાંચ કરોડનો જંગી દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. રાજુ અને તેમના ભાઈ બી રામારાજુને પણ પાંચ કરોડનો દંડ કરાયો હતો. આઠ અન્ય આરોપીઓને ખાસ અદાલતે ૨૫-૨૫ લાખનો દંડ ફટકાર્યો હતો. તમામ આરોપીઓને સાત વર્ષની સજા ફટકારવામાં આવી હતી. રાજુ પહેલાથી જ જેલમાં ૩૨ મહિના રહી ચુક્યા છે. અગાઉ રાજુ અને અન્ય નવને કોર્ટે અપરાધી ઠેરવ્યા હતા. રાજુ ઉપરાંત તેમના ભાઈ સૂર્યનારાયણ રાજુ, પૂર્વ ઈન્ટરનલ ચીફ ઓડિટર બીએસ પ્રભાકર ગુપ્તા સિવાય અન્ય આઠને આઈપીસીની કલમ ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૭એ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. રામાલિંગા રાજુ અને તેમના ભાઈ અને સત્યમના પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર બી રામારાજુ વિશ્વાસભંગ સાથે સંબંધિત આઈપીસીની કલમ ૪૦૯ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આ સમગ્ર મામલો સાતમી જાન્યુઆરી ૨૦૦૯ના દિવસે સપાટી પર આવ્યો હતો.

## આતંકવાદીઓને કોઈ દેશ આશરો ન આપે : નરેન્દ્ર મોદીની સાફ વાત

પેરિસ,તા. ૧૧

મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ ઝાકી ઉર રહેમાન લખવીને છોડી મુકવામાં આવ્યાના એક દિવસ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે લાલઆંખ કરીને પાકિસ્તાનની પરોક્ષરીતે જોરદાર ઝાટકણી કાઢી હતી. મોદીએ સ્પષ્ટ સંદેશામાં કહ્યું હતું કે, કોઈપણ દેશે આતંકવાદીઓને આશરો આપવો જોઈએ નહીં. આતંકવાદીઓને મદદ કરવાના બદલે તેમને સજા કરવી જોઈએ. મંત્રણા બાદ ફ્રાંસના પ્રમુખ હોલાન્ડે સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં મોદીએ કહ્યું હતું કે, આતંકવાદ સામે લડવા વૈશ્વિક પગલાની તાત્કાલિક જરૂર છે. તમામ દેશોએ કટિબદ્ધ થઈને ત્રાસવાદીઓને બોધપાઠ ભણાવવો જોઈએ. ત્રાસવાદીઓને આશરો આપવાના બદલે તેમને સજા કરવી જોઈએ. આના જવાબમાં હોલાન્ડેએ કહ્યું હતું કે, મુંબઈ હુમલામાં જવાબદાર આતંકવાદી લખવીને છોડી મુકવાને લઈને ભારતમાં નારાજગી છે તે બાબતથી તેઓ વાકેફ છે. મુંબઈ હુમલામાં ૨૦૦૮માં ૧૬૬ લોકોના મોત થયા હતા અને સેકડો લોકો ઘાયલ થયા હતા. નવેમ્બર ૨૦૦૮માં દરિયાઈ માર્ગ મારફતે આતંકવાદીઓ ઘુસ્યા હતા અને મુંબઈમાં ઘણી જગ્યાએ હુમલા કર્યા હતા. આ હુમલામાં માસ્ટર માઈન્ડ તરીકે લખવી રહ્યો હતો. મોદી અને હોલાન્ડેએ આતંકવાદના મુદ્દા ઉપર ચર્ચા કરી હતી જેમાં પેરિસમાં કરવામાં આવેલા હુમલાનો પણ ઉલ્લેખ કરાયો હતો. દૂષણ સામે સહકાર વધારવાનો મુદ્દો છવાયો હતો. મોદીએ કહ્યું હતું કે, વિશ્વ ઘણા બધા પડકારોનો સામનો કરે છે ત્યારે વિશ્વમાં એવી કટિબદ્ધતા દેખાઈ રહી છે કે, ત્રાસવાદી ગતિવિધિ વિવિધ દેશોમાં નવા નવા સ્વરુપમાં ફેલાઈ રહી છે. ફ્રાન્સને પેરિસમાં હુમલાનો સામનો કરવો પડ્યો છે. ફ્રાંસ ભારતની પીડાને સમજે છે. ભારત અને ફ્રાંસ આતંકવાદ વિરોધી જેડબલ્યુજીના માળખાની અંદર રહીને સહકાર કરવા તૈયાર છે જેના ભાગરુપે આતંકવાદી નેટવર્ક અંગે માહિતીની આપલેનો પણ સમાવેશ થાય છે. બંને દેશો આતંકવાદી ગતિવિધિને રોકવા માટે વિશ્વના અન્ય દેશો સાથે પણ સહકાર કરવા માટે તૈયાર થયા છે. બંને નેતાઓએ નવી દિલ્હીમાં ૧૭મી માર્ચ ૨૦૧૫ના દિવસે સાયબર મંત્રણાના બીજા રાઉન્ડને લઈને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. સાયબર સુરક્ષાના ક્ષેત્રમાં ભારત અને ફ્રાંસ સહકાર કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનની જેલમાં ઘણા સમયથી હવા ખાઈ રહેલા મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ જાકી ઉર રહેમાન લખવીને ગઈકાલે પાકિસ્તાનની અદીલા જેલમાંથી છોડી મુકવામાં આવ્યો હતો. રાવલપિંડીમાં સ્થિત અદીલા જેલમાંથી તેને મુક્ત કરવામાં આવ્યો હતો.

ગઈકાલે જ લાહોર હાઈકોર્ટે તેને અટકાયતમાં રાખવાના આદેશને સસ્પેન્ડ કરીને તેની તાત્કાલિક મુક્તિનો આદેશ કર્યો હતો. લાહોર હાઈકોર્ટે ગઈકાલે આદેશ કર્યા બાદ લખવીને જેલમાંથી છોડી મુકવાની પ્રક્રિયા આજે હાથ ધરાઈ હતી. રાવલપિંડીની જેલમાં તે સામાન્ય કેદી ન હતો બલ્કે તમામ સુવિધા ભોગવી રહ્યો હતો.

## રાહુલ ગાંધીના ફુડપાર્કને સરકારે મંજુરી ન આપી

લખનૌ,તા.૧૧

ઉત્તર પ્રદેશમાં મોટાપાયે રોકાણ કરવાના હેતુસર અને અમેઠી અને આસપાસના જિલ્લાઓના ૪૦ હજાર યુવાનોને રોજગારી આપવાના હેતુસર



મેગા ફુડ પાર્કની તૈયારી કરવામાં આવી હતી પરંતુ આને કેન્દ્ર સરકારે લીલીઝંડી આપી નથી. એનડીએ સરકારે ઉત્તરપ્રદેશમાં આવાસ પ્રથમ પ્રોજેક્ટને મંજુરી આપી નથી. શક્તિમાન ફુડ પાર્કને પરવાનગી આપવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો છે. કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીના મતવિસ્તાર અમેઠીમાં જગદીશપુર ખાતે આદિત્ય બિરલા લિમિટેડ દ્વારા આ ફુડ પાર્કની સ્થાપના કરવામાં આવનાર હતી. ઓક્ટોબર ૨૦૧૩માં ૨૦૦ કરોડના પ્રોજેક્ટનું ઉદ્દ્ઘાટન રાહુલ ગાંધી અને આદિત્ય બિરલા ગ્રુપના ચેરમેન કુમાર મંગલમ બિરલા તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી દ્વારા કરાયું હતું.

ઉચ્ચ સ્તરીય સૂત્રોએ કહ્યું છે કે, નવી દિલ્હીમાં ગયા વર્ષે સરકાર બદલાઈ ગયા બાદ અને મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ આ પ્રોજેક્ટ ઉપર સંકટના વાદળ ઘેરાઈ ગયા હતા. યુપીએ-૨ સરકાર દ્વારા આપવામાં આવેલા વચન મુજબ આ પ્રોજેક્ટને આગળ વધારવા ફરી અટકાવી દેવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીની ભાવિ યોજનાને અટકાવી દેવાઈ હોવાનું માનવામાં આવે છે.

## સરહદ ઉપર પાકિસ્તાનનો ગોળીબાર

અટારી,તા.૧૧

સરહદ ઉપર ગોળીબારનો ફરી એકવાર બનાવ બન્યો છે. આ ઘટનામાં બીએસએફના ત્રણ જવાન ઘાયલ થયા છે. બનાવના કારણે સરહર ઉપર તંગદિલી પેલાઈ ગઈ હતી. અમૃતસરમાંસરહદ પારથી પાકિસ્તાની સૈનિકો દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. યુદ્ધ વિરામનો ભંગ કરીને આ ગોળીબાર કરવામાં આવ્યો હતો જેના જવાબમાં ભારતે કોઈ કાર્યવાહી કરી ન હતી. બીએસએફના અધિકારીઓએ કહ્યું છે કે, ઘાયલ થયેલા જવાનોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પંજાબમાં પ્રથમ વખત સરહદી વિસ્તારમાં ગોળીબાર કરાયો છે. મોટાભાગે પાકિસ્તાની સેના દ્વારા જમ્મુ કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા ઉપર જ ગોળીબાર કરવામાં આવે છે.

## વિરેન્દ્ર સહેવાગ-માલિંગા આજે આમને સામને હશે

મુંબઈ,તા. ૧૧

હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૮માં આવતીકાલે કિંગ્સ ઈલેવન પંજાબ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે જંગ ખેલાશે. બન્ને ટીમોમાં અનેક આંતરરાષ્ટ્રીય સ્તરના સ્ટાર ખેલાડી હોવાથી મેચ રોમાંચક બને તેવી શક્યતા છે. રોહિત શર્માના નૃત્વમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમમાં લાસિત માલિંગા જેવો સ્પીડ સ્ટાર છે. સાથે સાથે તેની પાસે પાર્થિવ પટેલ અને હરભજન જેવા ખેલાડી છે. બીજી બાજુ જ્યોર્જ બેલીના નેતૃત્વમાં કિંગ્સ ઈલેવન પંજાબની ટીમમાં પણ ધરખમ ખેલાડી રહેલા છે. જેમાં વિરેન્દ્ર સહેવાગનો સમાવેશ થાય છે.આ મેચ મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાનાર છે જેથી મેચને નિહાળવા માટે મોટી સંક્યામાં લોકો પહોંચે તેવી શક્યતા છે. વધુ આવતીકાલે રવિવારે પણ છે. મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ વચ્ચે રમાનારી મેચનું મેક્સ ઉપર રાત્રે આઠ વાગ્યાથી જીવંત પ્રસારણ કરવામાં આવશે. બન્ને ટીમો નીચે મુજબ છે. મુંબઈ : રોહિત શર્મા (સુકાની), રાયડુ, પાર્થિવ પટેલ, આદિત્ય તારે, હરભજનસિંહ, વિનય કુમાર, જસપ્રિત, પવન સુજાલ, શ્રેયાસ ગોપાલ, પ્રજ્ઞાન ઓઝા, અભિમન્યુ મિથુન, અક્ષય વખારે, નીતિશ રાણા, સિદ્ધેશ લાડ, હાર્દિક પંડ્યા, સુચિત, ઉન્મુક્ત ચાંદવિદેશી ખેલાડીઓ : માલિંગા, પોલાર્ડ, કોરી એન્ડરસન, હેઝલવુડ, ડિલેન્ગ, લેન્ડલ સિમન્સ, આરોન ફિન્ચ, મેકલાઘન, બ્લીઝાર્ડ

પંજાબ : સહેવાગ, મનન વ્હોરા, સાહા, મુરલી વિજય, અક્ષર પટેલ, અનુરીતસિંહ, ગુરકિરત, મનન સિંહ, કરણવીર સિંહ, પરવીન અવાના, રિષી ધવન, સંદીપ શર્મા, શિવમ શર્મા, શાર્દુલ ઠાકુર, નિખિલ નાયક, જ્યોર્જ બેલી (કેપ્ટન), હેન્ડરીક્સ, ડેવિડ મિલર, ગ્લેન મેક્સવેલ, મિશેલ જોન્સન, શૌન માર્શ, પરેરા

### અજલાનશા કપ હોકીમાં મોટો અપસેટ સર્જ્યો

## વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા ઉપર ભારતની ભવ્ય જીત

નવી દિલ્હી,તા.૧૧

પ્રતિષ્ઠિત અજલાનશા હોકી



ટુર્નામેન્ટમાં ભારતે આજે મોટો અપસેટ સર્જ્યો હતો અને વર્તમાન ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા ઉપર જીત મેળવી હતી. ભારતે આ ટુર્નામેન્ટમાં હજુ સુધીનો સર્વશ્રેષ્ઠ દેખાવ કરીને ઓસ્ટ્રેલિયા ઉપર ૪-૨થી જીત મેળવી હતી. આની સાથે જ અજલાનશામાં ત્રીજુ સ્થાન મેળવી લીધું હતું. અજલાનશા હોકી ટુર્નામેન્ટમાં પ્લે ઓફ મેચ આજે રમાઈ હતી. ટાઈટલ સ્પર્ધામાંથી પહેલાથી જ બહાર થયેલી ભારતીય ટીમે જોરદાર દેખાવ કર્યો હતો. સમગ્ર મેચ દમરિયાન ભારતીય ખેલાડીઓ છવાયેલા રહ્યા હતા. યુવા સ્ટ્રાઈકર નિકિન થિમૈયાએ હેટ્રિક ફટકારી હતી. આ જીતની સાથે જ ભારતની ટિકા ટિપ્પણી આંશિકરીતે ઘટી છે. ભારત તરફથી તમામ ચારેય ગોલ યોગ્ય સમયે થયા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી બે ગોલ કરાયા હતા. ભારત તરફથી નિકિને ૨૩, ૩૨, ૬૦મી મિનિટમાં ગોલ કર્યા હતા જ્યારે વીઆર રઘુનાથે પ્રથમ મિનિટમાં જ ગોલ કરીને ઓસ્ટ્રેલિયાન છાવણીમાં સોપો પાડી દીધો હતો. આ જીતની સાથે જ ભારત સાત પોઈન્ટ સાથે રહી છે. ચાર ગેમ બાદ ભારતે સારો દેખાવ કર્યો હતો. ભારત તરફથી તમામ ખેલાડીઓ ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં શાનદાર ફોર્મમાં નજરે પડ્યા હતા અને અપેક્ષા મુજબ જ દેખાવ કરવામાં સફળ રહ્યા હતા.

ભારતીય ખેલાડીઓએ શરૂઆતથી જ એક પછી એક હુમલાઓ ઓસ્ટ્રેલિયન છાવણીમાં કર્યા હતા. જો કે, મેચની મુખ્ય વિશેષતા નિકિન રહ્યો હતો તે હેટ્રિક નોંધાવવામાં સફળ રહ્યો હતો. અજલાનશા હોકી પ્રતિષ્ઠિત સ્પર્ધા છે જેમાં વિશ્વના તમામ દેશો ભાગ લે છે. ભારતનો દેખાવ આમા હંમેશા સંતોષજનક રહ્યો છે.

## છત્તીસગઢમાં ભીષણ નક્સલી હુમલો : ૭ જવાન શહીદ

સુકમા,તા. ૧૧

છત્તીસગઢના સુકમા જિલ્લામાં નક્સલવાદીઓએ ફરી એકવાર ભીષણ હુમલો કર્યો છે. નક્સલવાદીઓ સાથેની અથડામણમાં સાત જવાનો શહીદ થયા છે. આ હુમલામાં અન્ય ૧૦ જવાન ઘાયલ થયા છે. નક્સલવાદીઓએ ગુપ્તરીતે આ હુમલો કર્યો હતો. સ્પેશિયલ ટાસ્ક ફોર્સના જવાનોને ટાર્ગેટ બનાવીને આ હુમલો કરાયો હતો. આ અથડામણ સુકમાના પિડમેલ વિસ્તારમાં થઈ હતી. નક્સલવાદીઓએ સવારે ૧૦ વાગ્યાની આસપાસ આ હુમલો કર્યો હતો. એસટીએફના જવાનો ઓપરેશનના ભાગરુપે કાફલામાં રવાના થયા હતા ત્યારે જ આ હુમલો કરવામાં આવ્યો હતો.



નક્સલવાદીઓ પહેલાથી જ મોરચો સંભાળીને તૈયાર હતા. ત્યારબાદ તેઓએ ગોળીબાર કર્યો હતો. આ અગાઉ ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં પણ નક્સલવાદીઓએ મોટો હુમલો કર્યો હતો અને સીઆરપીએફના જવાનો ઉપર ગોળીબાર કર્યો હતો જેમાં સીઆરપીએફના બે જવાનો સહિત ૧૩ લોકોના મોત થયા હતા અને એક ડઝન સુરક્ષા કર્મી ઘાયલ થઈ ગયા હતા. ડિસેમ્બરમાં કરાયેલા આ હુમલાના કારણે દેશભરમાં ખળભળાટ મચી ગયો હતો. સીઆરપીએફની ટુકડી બસ્તરના વન્ય વિસ્તારમાં ઓપરેશન ચલાવી રહી હતી ત્યારે આ હુમલો કરવામાં આવ્યો હતો. જ્યારે જવાન ચિંતલ ગુફામાં પહોંચ્યા હતા ત્યારે માઓવાદીઓએ ચારેબાજુથી ઘેરી લઈને આ હુમલો કર્યો હતો. સીઆરપીએફના જવાનો ગામ વાળાઓને બચાવવામાં ગોળીબાર કરી શક્યા ન હતા. આ હુમલા બાદ તેની ગંભીર નોંધ લેવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે નક્સલવાદને રોકવા માટે કઠોર પગલા લેવાની વાત કરી હતી. છત્તીસગઢમાં કેટલીક જગ્યાઓએ વધુ સુરક્ષા જવાનો ગોઠવવાનો પણ નિર્ણય કરાયો હતો.

છેલ્લા ઘણા સમયથી સરકારે કઠોર પગલા લીધા છે જેના લીધે ઘણા માઓવાદીઓ શરણાગતિ સ્વીકારી ચુક્યા છે. સુકમાને નક્સલવાદીઓના અભેદ્ય કિલા તરીકે ગણવામાં આવે છે. સુકમા ૧૪ વર્ષ પહેલા અસ્તિત્વમાં આવેલા નાનકડા રાજ્ય છત્તીસગઢ ઉપર લાગેલા કલંક પૈકી એક છે. ૪૦૦૦૦ વર્ગ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલા બસ્તરમાં સૌથી વધારે નક્સલાદીઓ છે. ચિંતલ ગુફાઓને નક્સલવાદીઓના ગઢ તરીકે ગણવામાં આવે છે.

## સમાચાર ઝલક

- મોરબીમાં કુપોષણ નાબુદ કરવાના અભિયાનનો પ્રારંભ.
- બોટાદ નજીક યુવતીને ૬ શખ્સોએ જીવતી સળગાવી. સારવાર માટે હોસ્પિટલમાં.
- ગુજરાત હાઈકોર્ટમાં મજુર કાયદા લગતી લોક અદાલત યોજાઈ.
- મોરબીમાં બોગસ સીરામીકનું વેચાણ કરતી ૧૩ ટ્રકો ઝડપાઈ.
- કચ્છમાં સાડા ૩ કરોડ સર્વિસ ટેક્ષ નહિ ભરવા બદલ ઉદ્યોગપતિની અટકાયત.
- ખંભાતમાં બે બાળકો સાથે માતાએ અગ્નિસ્નાન કરતા ત્રણેયનાં મોત.
- ફિમેલ બોસ હોય ત્યાં મહિલા કર્મીની ઝડપી પ્રગતિ.
- ટાલમાં વાળ ઉગાડવાની નવી ટેકનીક શોધાઈ.
- દેશભરમાં કોલ્ડ સ્ટોરેજની સ્થાપિત ક્ષમતામાં ગુજરાત ચોથા ક્રમે.